RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 09
Issue : 347
Dt.: 22-10-2025,
Wednesday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.

Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com




### અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના 'ટેરિફ બોમ્બ' બાદ હવે ભારતીયો પર H-1B 'વિઝા બોમ્બ' પણ ફૂટ્યો

# ૮૮ લાખ રૂપિયામાં H-1B વિઝાનો નિયમ લાગુ કરાયો



## આ નિર્ણયની સૌથી મોટી અસર ભારતીયો પર થશે, કારણ કે લગભગ ૭૦ ટકા H-1B વીઝા ભારતીય પ્રોફેશનલ્સને જ મળે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના 'ટેરિફ બોમ્બ' બાદ હવે ભારતીયો પર **H-1B** 'વિઝા બોમ્બ' પણ ફૂટ્યો છે. ટ્રમ્પ પ્રશાસન દ્વારા **H-1B** વીઝા પર લાદવામાં આવેલી એક લાખ ડોલર (આશરે ૮૮ લાખ રૂપિયા)ની જંગી ફી આજથી, એટલે કે મંગળવાર, ૨૧ ઓક્ટોબરથી લાગુ થઈ ગઈ છે. આ નિર્ણયની સૌથી મોટી અસર ભારતીયો પર થશે, કારણ કે લગભગ ૭૦ ટકા **H-1B** વીઝા ભારતીય પ્રોફેશનલ્સને જ મળે છે.યુએસ સિટિઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસિસ (**USCIS**) દ્વારા જારી કરાયેલી માર્ગદર્શિકા અનુસાર, આ નવી ફી એવા લોકો માટેની નવી **H-1B** અરજીઓ પર લાગુ થશે જેઓ હાલમાં અમેરિકાની બહાર છે અને જેમની પાસે માન્ય **H-1B** વીઝા નથી. આ ઉપરાંત, જે કર્મચારીઓ માટે અરજી કરવામાં આવી હોય અને નિર્ણય આવે તે પહેલાં તેમને અમેરિકા છોડવું પડે, તેમને પણ આ ફી ચૂકવવી પડશે.અમેરિકામાં રહેતા ભારતીયોને મોટી રાહત આ માર્ગદર્શિકામાં સૌથી મોટી રાહત એવા લોકોને આપવામાં આવી છે જેઓ પહેલેથી જ અમેરિકામાં હાજર છે. **USCIS** એ સ્પષ્ટ કર્યું છે કે આ જંગી ફી "સ્ટેટસમાં ફેરફાર" **(Change of Status)** પર લાગુ નહીં થાય. આનો અર્થ એ છે કે જે વિદ્યાર્થીઓ **F-૧** (સ્ટુડન્ટ વીઝા) પરથી **H-1B** સ્ટેટસમાં બદલી રહ્યા છે અથવા જે હાલના **H-1B** ધારકો પોતાના વીઝાનું વિસ્તરણ **(Extension)** કરાવી રહ્યા છે, તેમને આ ૮૮ લાખ રૂપિયાની ફી ચૂકવવી પડશે નહીં. આ સ્પષ્ટતાથી અમેરિકામાં અભ્યાસ કરતા હજારો ભારતીય વિદ્યાર્થીઓ અને ત્યાં કામ કરતા કર્મચારીઓએ રાહતનો શ્વાસ લીધો છે.સરકારી શટડાઉનની અસર **USCIS** એ સ્વીકાર્યું છે કે અમેરિકામાં ચાલી રહેલા સરકારી શટડાઉનને કારણે અરજદારોને જરૂરી દસ્તાવેજો મેળવવામાં વિલંબ થઈ શકે છે. એજન્સીએ કહ્યું છે કે

જો કોઈ અરજદાર સાબિત કરી શકે કે માત્ર શટડાઉનને કારણે જ તે સમયસર અરજી દાખલ કરી શક્યો નથી, તો તેને "અસાધારણ પરિસ્થિતિ" ગણીને માફી આપવા પર વિચારણા થઈ શકે છે. ઉલ્લેખનીય છે કે, નાણાકીય વર્ષ ૨૦૨૬ માટે **H-1B** વીઝાની નિયમિત ૬૫૦૦૦ અને માસ્ટર્સ કેપની ૨૦૦૦૦ની મર્યાદા માટેની અરજીઓ પહેલેથી જ પ્રાપ્ત થઈ ચૂકી છે. આથી, આ નવો નિયમ આગામી વીઝા સીઝન પર મોટી અસર કરશે.

### અંક બંધ

તા. ૨૨, ૨૩ અને ૨૪ ઓક્ટોબરનાં રોજ નૂતન વર્ષાભિનંદન, ભાઈબીજ તેમજ ત્રીજનો તહેવાર હોવાથી અમારું કાર્યાલય સંપૂર્ણ રજા પાળશે. તેથી તા. ૨૩, ૨૪, ૨૫ ઓક્ટોબરનો અંક પ્રસિદ્ધ થશે નહિ. તા. ૨૬ ઓક્ટોબરથી રાબેતા મુજબ અંક પ્રસિદ્ધ થશે.

- તંત્રીશ્રી

# ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફ અને સ્થાનિક માંગ ઘટતા ચીનના અર્થતંત્રની વૃદ્ધિ ધીમી પડી

(સંપૂર્ણ સમાચાર સેવા)બૈજિંગ

ચીનનું અર્થતંત્ર જુલાઈથી સપ્ટેમ્બરના ક્વાર્ટર દરમિયાન વાર્ષિક ધોરણે સૌથી ઓછી ઝડપે ૪.૮ ટકાના દરે વિસ્તર્યુ હતુ. અમેરિકા સાથેના વધતા વેપાર તનાવ અને સ્થાનિક સ્તરે ઘટેલી માંગે તેમા મહત્ત્વની ભૂમિકા ભજવી છે. આમ જુલાઈથી સપ્ટેમ્બર ૨૦૨૫ના આંકડાએ ગયા વર્ષના સમાન સમયગાળાની તુલનાએ તથા છેલ્લા એક વર્ષમાં સૌથી ઓછો વૃદ્ધિદર દર્શાવ્યો છે. જાન્યુઆરીથી સપ્ટેમ્બરમાં પૂરા થયેલા વર્ષ દરમિયાન વિશ્વનું બીજા નંબરનું અર્થતંત્ર અમેરિકન પ્રમુખ ટ્રમ્પના પ્રતિબંધ છતાં પણ ૫.૨ ટકાના દરે વૃદ્ધિ પામ્યુ હતુ. હાલની નિકાસ પ્રમાણમાં મજબૂત રહી છે, કારણ કે કંપનીઓએ તેમનું વેચાણ અમેરિકાના બદલે વિશ્વના બીજા દેશોમાં કરવા માંડયું છે. બૈજિંગ અને વોશિંગ્ટન વચ્ચેના તનાવમાં વધારો થયો છે અને તે હજી સુધી સ્પષ્ટ થયું નથી કે ટ્રમ્પ અને ચાઈનીઝ લીડર જિનપિંગ આ મહિનાના અંતે યોજનારારી પ્રાદેશિક શિખર પરિશદમાં મળશે કે નહી. જિનપિંગ અને શાસક સામ્યાવદી પક્ષના સભ્યો સોમવારે ચીનની અત્યંત મહત્ત્વની રાજકીય બેઠક યોજવાના છે, જેમા તેઓ આગામી પાંચ વર્ષ માટે દેશના આર્થિક અને સામાજિક નીતિના ધ્યેયો અને તેનો અમલ સુનિશ્ચિત કરશે. ચીન આ ઉપરાંત પડકારોનો સામનો કરી રહ્યુ છે, તેમા ઉદ્યોગલક્ષી ઘટાડાનો સમાવેશ થાય છે, જેની ગ્રાહક અને માંગ પર અસર પડી છે. રેટિંગ એજન્સી એસ એન્ડ પીના અંદાજ મુજબ ૨૦૨૫માં નવા મકાનોના રાષ્ટ્રવ્યાપી વેચાણમાં ૮ ટકાથી ઘટીને ૨૦૨૬માં છથી સાત ટકા રહેવાનો અંદાજ છે.વર્લ્ડ બેન્કનું માનવું છે કે ચીનનું અર્થતંત્ર આ વર્ષે ૪.૮ ટકાના દરે વૃદ્ધિ પામશે. સરકારનો સત્તાવાર વૃદ્ધિનો આંકડો પાંચ ટકાનો છે. ચીનના અર્થતંત્રએ પ્રથમ અર્ધવાર્ષિક સમયગાળામાં કેટલાક બફરની મદદથી મજબૂત વૃદ્ધિ સાધવામાં સફળતા મેળવી છે, એમ આઈએનજી વૈશ્ય બેન્કના ગ્રેટર ચાઈનાના ચીફ ઈકોનોમિસ્ટ લિન સોંગે જણાવ્યું હતુ. સોંગે જણાવ્યું હતુ કે ચીનમાં વપરાશી માંગ અને પ્રોપર્ટી માર્કેટમાં સમર્થન માટે કયા પગલાં લેવાની છે તેના પર નજર છે. અગાઉની પોલિસીઓ હવે હાલમાં કામ આવે તેમ નથી. અર્થશાસ્ત્રીઓને ચીનની મધ્યસ્થ બેન્કના વર્ષના અંત સુધીમાં રેટ કટ કરે તેમ લાગે છે. તેના લીધે ખર્ચમાં અને રોકાણમાં મદદ મળશે.


"સૌના વિશ્વાસની મુડી સતત ૧૯૫૯થી સાબરકાંઠા બેંક." "આપની બેંક સૌની બેંક" :
અનેક અંતરાયો વચ્ચે અડીખમ બેંક-સાબરકાંઠા બેંક"

ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. હિંમતનગર

હિંમતહાઈસ્કુલ સામે, સ્ટેશન રોડ, હિંમતનગર, જી.સાબરકાંઠા-૩૮૩૦૦૧

નૂતન વર્ષાભિનંદન

અનંત આસ્થા
SK BANK
સાકો બેંક
The Sabarkantha District Central Co-operative Bank Ltd.

તા.૩૧-૦૩-૨૦૨૫ની સ્થિતી

માન્યવર થાપણદારોનો વિશ્વાસ થાપણો - રૂા.૪૦૬૦.૮૮ કરોડ
ધિરાણો ૨૩૦૩.૭૯ કરોડ
કુલ બિઝનેસ રૂા.૬૩૬૪.૬૮ કરોડ

નેટ એનપીએ "૦" ઝીરો ટકા

સન્માનનીય ગ્રાહકોની સેવા બેંકની ૧૩૩ સીબીએસ શાખાઓમાં

★ તમામ ગ્રાહકો માટે ત્વરીત ફંડ ટ્રાન્સફર માટે RTGS/NEFT/IMPS/MOBILE BANKING તેમજ ડ્રાફ્ટની સગવડ, ATM, Mocro ATM, Rupay Debit Card, Platinumcard, Rupay KCC Card થી ડીઝીટલ પેમેન્ટ પધ્ધતિમાં સદા અગ્રેસર
★ પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વિમા યોજના હેઠળ રૂા.૪૩૬/-ના પ્રિમિયમથી રૂા.૨૦૦૦૦૦/- સુધીના જીવન વિમાની સગવડ
★ પ્રધાનમંત્રી જીવન સુરક્ષા વિમા યોજના હેઠળ રૂા.૨૦/-ના પ્રિમિયમથી રૂા.૨૦૦૦૦૦/- સુધીના અકસ્માત વિમાની સગવડ
★ ભારત સરકારની અટલ પેન્શન યોજના હેઠળ રૂા.૧૦૦૦થી રૂા.૫૦૦૦ના પેન્શનની સગવડ
★ બેંક/મંડળીમાંથી કર્જ મેળવતા સભાસદોને રૂા.૫/- લાખનું અકસ્માત વિમા કવરેજ.
★ બેંકના Rupay Platinum Card ધારકને રૂા.૨/- લાખનું અકસ્માત વિમા કવરેજ E-Commerce Transection ઉપર મળવાપાત્ર છે.
★ આ બેંકમાંથી પ્રત્યેક થાપણદારની રૂા.૫૦૦૦૦૦૦/- સુધીની થાપણો વિમાથી રક્ષિત છે.

હંસાબેન એમ. પટેલ ચેરમેન
એચ.પી.નાયક ચીફ એકઝીક્યુટીવ
ભીખાજી દુધાજી ડામોર વાઈસ ચેરમેન
શાન્તાબેન એન. પટેલ માનદ્ મેનેજીંગ ડિરેક્ટર



નૂતન વર્ષાભિનંદન

સર્વોદય બેંક.....સર્વની બેંક.....સર્વોત્તમ બેંક

ધી સર્વોદય નાગરીક સહકારી બેંક

પોલોગ્રાઉન્ડ, હિંમતનગર.

સર્વોદય બેંક પરિવાર

વહેપારી ભાઈઓ, સહકારી સંસ્થાના આગેવાનો, સભાસદો અને ગ્રાહક મિત્રોને નવા વર્ષની શુભ કામના પાઠવે છે.

ચેરમેન મો.ઈમરાન એસ. અલજીવાલ
સી.ઈ.ઓ. અલ્તાફ એમ. સાબુગર
એમ.ડી. ફિરદોસજહાં એમ. વક્તાપુરીયા (એડવોકેટ)

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તેમજ સ્ટાફ પરિવાર



Surendra Jain 9824010477

CLL

CTA Logistics Limited

603,Abhijeet I Mithakhali Six Road, Navrangpura,Ahmedabad-9.

Phone : 6401515,26402227,26402228
Fax : 079 - 26409495, E-mail : cll@sancharnet.in



નૂતન વર્ષાભિનંદન



ગજેન્દ્રસિંહ ઉદેસિંહ પરમાર
ધારાસભ્ય - પ્રાંતિજ તલોદ મતવિસ્તાર
(પૂર્વ મંત્રી)
પ્રાંતિજ-તલોદ તાલુકાના
તમામ સરકારી અધિકારીઓ, કર્મચારીઓ,
ભાઈઓ અને બહેનો ને નવા વર્ષની શુભકામનાઓ
નવુ વર્ષ આપ સૌને ફળદાયી અને સુખમય બની રહે
તેવી મારી આપ સૌને
નવા વર્ષની નૂતન વર્ષાભિનંદન







# તંત્રી લેખ......

## રોશનીથી ઝગમગી ઉઠ્યા શહેરો, ભવ્ય આતશબાજી સાથે દેશભરમાં દિવાળીની ઉજવણી

૨૦ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ દેશભરમાં ખૂબ જ ઉત્સાહથી દિવાળી ઉજવવામાં આવી છે.બજારો ધમધમી રહ્યા હતાં અને શહેરો રોશનીથી ઝગમગી ઉઠ્યા હતાં તો ચારેબાજુથી ફટાકડાનો અવાજ આવી રહ્યો હતો. ઘરોને રંગબેરંગી રોશનીથી શણગારવામાં આવ્યા હતાં. લોકોએ દેશભરમાં ફટાકડા ફોડીને આનંદથી પ્રકાશના તહેવારની ઉજવણી કરી છે. તો લોકો તેમના ઘરે દેવી લક્ષ્મીની પૂજા કરીને દિવાળીની ઉજવણી કરી છે. અમદાવાદ, દિલ્હી, મુંબઈ જેવા મોટા શહેરોમાં ભવ્ય આતશબાજી સાથે દિવાળીની ઉજવણી કરવામાં આવી છે. દિવાળી નિમિત્તે મુંબઈના શિવાજી પાર્કને સુંદર રંગબેરંગી રોશનીથી શણગારવામાં આવ્યો હતો. દેશભરના શહેરોમાં પણ આવા જ દ્રશ્યો જોવા મળ્યા, જ્યાં ગણેશ અને લક્ષ્મી પૂજા, રંગબેરંગી રોશની અને ફટાકડાના અવાજે તહેવારને અનોખો બનાવ્યો. બોર્ડર સિક્યુરિટી ફોર્સના સૈનિકોએ ફુલબારીમાં દીવા પ્રગટાવીને અને ભારત-બાંગ્લાદેશ સરહદ પરના મંદિરમાં પ્રાર્થના કરીને દિવાળીની ઉજવણી કરી. જવાનો સરહદની રક્ષાની સાથે ખુશીથી દિવાળી ઉજવી રહ્યા છે. દીવા પ્રગટાવ્યા, મીઠાઈઓ વહેંચી અને એકબીજાને શુભેચ્છા પાઠવીને દિવાળીના ધામધૂમથી ઉજવણી કરવામાં આવી છે. ઉત્તર પ્રદેશના વારાણસીમાં કાશી વિશ્વનાથ મંદિર અને અન્ય તીર્થસ્થળોને ફૂલો, માટીના દીવા અને રંગબેરંગી રોશનીથી શણગારવામાં આવ્યા હતા. મુખ્યમંત્રી આદિત્યનાથે અયોધ્યામાં હનુમાનગઢી મંદિરની મુલાકાત લીધી અને ત્યાં પ્રાર્થના કરી. તેમણે અને અન્ય નેતાઓએ આ પ્રસંગે લોકોને શુભેચ્છા પાઠવી અને દરેકના સુખ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી. વારાણસીમાં, મા કાલરાત્રિ મંદિરના મહંત સુરેન્દ્ર તિવારીએ જણાવ્યું હતું કે રવિવારે રાત્રે મા કાલરાત્રિનું આહ્વાન કરવા માટે એક ખાસ વિધિ કરવામાં આવી હતી. મુસ્લિમ મહિલાઓએ ભગવાન રામની 'આરતી' કરી હતી. મુસ્લિમ મહિલા ફાઉન્ડેશનના નાઝનીન અંસારીએ જણાવ્યું હતું કે મુસ્લિમ મહિલા ફાઉન્ડેશન અને વિશ્વ ભારત સંસ્થાનના સંયુક્ત આશ્રય હેઠળ લમ્હીના સુભાષ ભવન ખાતે શ્રી રામ મહા આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. હરિયાણા પોલીસે દિવાળી પર આનંદ ફેલાવવા માટે પહેલ કરી હતી, જેમાં ઘણા પોલીસ કર્મચારીઓ અનાથાલયો, વૃદ્ધાશ્રમો, ઝૂંપડપટ્ટીઓ અને બેઘર લોકોની મુલાકાત લેતા હતા. એક ખાસ પહેલના ભાગ રૂપે, રાજ્યભરના પોલીસ અધિકારીઓએ તેમના વિસ્તારોમાં સ્થાનો પસંદ કર્યા, બાળકો અને વૃદ્ધો સાથે દીવા પ્રગટાવ્યા અને તેમની વચ્ચે મીઠાઈઓ વહેંચી. પશ્ચિમ બંગાળમાં કાલી મંદિરોમાં ભક્તોની ભીડ ઉમટી પડી હતી, જ્યાં આ દિવસે કાલી પૂજા ઉજવવામાં આવે છે. ૩૨૨ વર્ષ જૂની થંથાનિયા કાલી બારી, કાલીઘાટ મંદિર, ફિરીંગી કાલી બારી, ઉત્તર કોલકાતામાં દક્ષિણેશ્વર મંદિર અને બીરભૂમના તારાપીઠમાં ભક્તોની લાંબી કતારો જોવા મળી હતી જેઓ પ્રાર્થના કરવા, દીવા પ્રગટાવવા અને દેવી કાલીનાં આશીર્વાદ લેવા આવ્યા હતા. ઝારખંડમાં દીપાવલી ઉત્સાહ અને ઉલ્લાસ સાથે ઉજવવામાં આવી હતી, જોકે રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા કેટલાક નિયંત્રણો લાદવામાં આવ્યા હતા. ઝારખંડ રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના આદેશ અનુસાર, લોકોને દિવાળીની રાત્રે બે કલાક માટે, રાત્રે ૮ વાગ્યાથી રાત્રે ૧૦ વાગ્યા સુધી ફટાકડા ફોડવાની મંજૂરી આપવામાં આવી હતી.ત્રિપુરામાં, મુખ્યમંત્રી માણિક સાહાએ ૫૧ 'શક્તિપીઠો' પૈકીના એક, ગોમતી જિલ્લામાં મા ત્રિપુરા સુંદરી મંદિરમાં દિવાળી ઉજવણી અને મેળાનું ઉદ્ઘાટન કર્યું. તમિલનાડુમાં ભારે વરસાદથી દિવાળીની ભાવના ઓછી થઈ ન હતી. લોકો વહેલા ઉઠી ગયા, નવા કપડાં પહેર્યા અને પ્રકાશના તહેવારની ઉજવણી માટે ફટાકડા ફોડ્યા.

તમિલનાડુ સરકારે ૨૦૧૮ના સુપ્રીમ કોર્ટના ચુકાદાને ટાંકીને કહ્યું કે લોકો બે કલાક માટે ફટાકડા ફોડી શકે છે – સવારે ૬ વાગ્યાથી ૭ વાગ્યા સુધી અને સાંજે ૭ વાગ્યાથી ૮ વાગ્યા સુધી. વરસાદને કારણે, લોકોને ધોધમાર વરસાદ વચ્ચે પણ ફટાકડા ફોડવા પર સંતોષ માનવો પડ્યો. રાજ્યપાલ આર.એન. રવિ, વિપક્ષના નેતા એડાપ્પડી કે. પલાનીસ્વામી સહિતના રાજકીય નેતાઓ અને રજનીકાંત અને કમલ હાસન જેવી હસ્તીઓએ આ પ્રસંગે લોકોને શુભેચ્છાઓ પાઠવી હતી. રાજ્યમાં અત્યાર સુધીમાં ૮૯ ફટાકડા ફોડવાથી ઈજાઓ નોંધાઈ છે.

## ફિલિપાઈન્સમાં વાવાઝોડા ફેંગશેને તબાહી સર્જી, ૭નાં મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)મનિલા, વાવાઝોડા ફેંગશેને ફિલિપાઈન્સના ઉત્તર તથા મધ્ય ભાગમાં ભારે તબાહી સર્જતા સાત લોકોનાં મોત થયા હતા. ઝડપી પવન અને અતિભારે વરસાદને લીધે પૂરનું સંકટ ઉભું થયું હતું તથા કેટલાક સ્થળે ભૂસ્ખલનના બનાવો પણ બન્યા હતા. વાવાઝોડાથી પ્રભાવિત ગામડાઓમાંથી કુલ ૨૨,૦૦૦ લોકોનું રેસ્ક્યૂ કરાયું હોવાનું તંત્રએ જણાવ્યું હતું.તટીય વાવાઝોડું ફેંગશેન મુખ્યત્વે દક્ષિણ ચીન સમુદ્રથી ઉત્તર ફિલિપાઈન્સના લુઝોન ક્ષેત્રમાં ફૂંકાયું હતું. રવિવારે ત્રાટકેલા વાવાઝોડાથી સોમવારે પણ હવાની ગતિ ૬૫ કિ.મી પ્રતિ કલાક નોંધાઈ હતી અને વધીને ૮૦ કિ.મી. રહી હોવાનું સરકારી હવામાન આગાહીકારોએ જણાવ્યું હતું. સરકારી ડિઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીના મતે વાવાઝોડાને લીધે સાત લોકોના મોત થયા હતા. રેસ્ક્યૂ કરાયેલા પૈકી આશરે ૧૪,૦૦૦ લોકો હજુ પણ પોતાના ઘરોમાં પરત ફરી શક્યા નહતા. પ્રાપ્ત વિગતો મુજબ વાવાઝોડાને લીધે દરિયામાં ઊંચા મોજા ઉછળ્યા હતા અને સમુદ્રના પાણી ગામોમાં ઘુસી ગયા હતા. કેપિઝના મધ્ય પ્રાંતના રોક્ષાસ શહેરમાં એક વ્યક્તિનું તણાઈ જવાથી મોત થયું હતું. પૂર્વના ક્યુઝોન પ્રાંતના પિટોગો ગામમાં એક વિશાળ તાડનું ઝાડ ઝૂપડાં પર તૂટી પડતાં અંદર ઊંઘી રહેલા બે બાળકો સહિત પાંચના મોત નિપજ્યા હતા. ફેંગશેન વાવાઝોડાને સ્થાનિક લોકોએ રામિલ નામ પણ આપ્યું છે. આ વાવાઝોડું દક્ષિણ ચીન સમુદ્ર પર થઈને વિયેતનામ તરફ ફંટાવાની આગાહી કરાઈ હતી.આ વર્ષે ફિલિપાઈન્સ દ્વિપસમૂહમાં ત્રાટકેલું આ ૧૮મું તટીય વાવાઝોડું રહ્યું છે. ફિલિપાઈન્સના મધ્ય તથા દક્ષિણના વિસ્તારોમાં તાજેતરમાં ભયાવહ ભૂકંપે પણ વિનાશ વેર્યો હતો. ત્યારે તે એક બાદ એક કુદરતી હોનારતથી સતત ઘેરાયેલું રહ્યું છે. આ ઉપરાંત ફિલિપાઈન્સ એવા ભૌગોલિક ક્ષેત્રમાં સ્થિત છે જ્યાં વર્ષમાં સક્રિય જ્વાળામુખી આવેલા છે અન વર્ષમાં બે ડઝન જેટલા જ્વાળામુખી ફાટવાના બનાવો પણ નોંધાય છે.

## ખામેનાઈએ પરમાણુ કેન્દ્રો પર હુમલાના ટ્રમ્પના દાવાઓની ઠેકડી ઉડાડી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી ઈરાનના સર્વોચ્ચ નેતા અયાતુલ્લાહ અલી ખામેનેઈએ સોમવારે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના વાતચીતના પ્રસ્તાવને સ્પષ્ટ શબ્દોમાં ફગાવી દીધો છે. આ સાથે જ, ખામેનેઈએ ટ્રમ્પના એ દાવાને પણ ઉપહાસપૂર્વક નકારી કાઢ્યો હતો કે અમેરિકાએ હવાઈ હુમલા કરીને ઈરાનના પરમાણુ કેન્દ્રોને નષ્ટ કરી દીધા છે.

તેમણે કડક શબ્દોમાં કહ્યું કે જો કોઈ સમજૂતી બળજબરી કે ધમકીથી કરવામાં આવે, તો તે સમજૂતી નહીં પરંતુ દબાણ અને ડરાવવા-ધમકાવવાની કોશિશ ગણાય.આ પહેલા, ગાઝામાં ઈઝરાયેલ અને હમાસ વચ્ચે યુદ્ધવિરામ બાદ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈઝરાયલી સંસદમાં કહ્યું હતું કે વોશિંગ્ટન અને તેહરાન વચ્ચે શાંતિ સમજૂતી થાય તે ખૂબ જ સારી વાત હશે. પરંતુ, ખામેનેઈએ વાતચીતની આ શક્યતાને નકારી કાઢતા કટાક્ષ કર્યો, "અમેરિકા ગર્વથી કહે છે કે તેણે ઈરાનના પરમાણુ ઉદ્યોગને નષ્ટ કરી દીધો છે, સારું છે, આવા જ સપના જોતા રહો!"

તેમણે સ્પષ્ટ કર્યું કે ઈરાન પાસે પરમાણુ સુવિધાઓ હોય કે ન હોય, તેમાં દખલ દેવાનો અમેરિકાને કોઈ અધિકાર નથી.પશ્ચિમી દેશો, ખાસ કરીને અમેરિકા, લાંબા સમયથી ઈરાન પર ગુપ્ત રીતે પરમાણુ હથિયારો બનાવવાનો આરોપ લગાવી રહ્યા છે. જોકે, ઈરાન હંમેશા આ આરોપોને નકારતું આવ્યું છે અને દાવો કરે છે કે તેનો પરમાણુ કાર્યક્રમ સંપૂર્ણપણે શાંતિપૂર્ણ અને ઉર્જા ઉત્પાદન માટે જ છે.અમેરિકા અને ઈરાન વચ્ચે છેલ્લા કેટલાક વર્ષોમાં પરમાણુ મુદ્દે પાંચ વખત વાતચીત થઈ ચૂકી છે, પરંતુ તે નિષ્ફળ રહી હતી. આ વર્ષે જૂન મહિનામાં ઈઝરાયેલ અને અમેરિકા દ્વારા ઈરાનના કેટલાક પરમાણુ ઠેકાણાઓ પર ૧૨ દિવસ સુધી ચાલેલા હવાઈ હુમલા બાદ આ વાતચીત સંપૂર્ણપણે બંધ થઈ ગઈ હતી. ખામેનેઈના આ કડક વલણથી મધ્ય પૂર્વમાં તણાવ વધુ ઘેરો બન્યો છે અને બંને દેશો વચ્ચે વિશ્વાસના અભાવને કારણે ભવિષ્યમાં કોઈ સમાધાનની શક્યતા હાલ તો મુશ્કેલ દેખાઈ રહી છે.

### બંને વચ્ચે રિલેશનશિપની લાંબા સમયથી ચર્ચા હતી

## પલાશ મુચ્છલ મહિલા ક્રિકેટર સ્મૃતિ મંધાના સાથે લગ્ન કરશે

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ સંગીતકાર, ગાયક અને ફિલ્મ સર્જક પલાશ મુચ્છલે પોતે ભારતની મહિલા ક્રિકેટર સ્મૃતિ મંધાના સાથે લગ્ન કરી રહ્યો હોવાની ઓફિશિયલ જાહેરાત કરી છે. તાજેતરમાં એક ઈવેન્ટમાં પલાશે કહ્યું હતું કે સ્મૃતિ ટૂંક સમયમાં ઈન્દોરની વહુ બનવાની છે. જોકે, તેણે લગ્નની ચોક્કસ તારીખ જાહેર કરી ન હતી. પલાશ અને સ્મૃતિની રિલેશનશિપની ચર્ચા લાંબા સમયથી હતી. બંનેએ સોશિયલ મીડિયા પર તેમની અનેક સહિયારી તસવીરો પણ શેર કરી છે. જોકે, બંનેએ જાહેરમાં ક્યારેય તેમની રિલેશનશિપની સત્તાવાર ઘોષણા કરી ન હતી.

પલાશ અનેક ફિલ્મોના ગાયક, સંગીતકાર તરીકે જાણીતો છે તે ઉપરાંત તે અને તેની સિંગર બહેન પલક મુચ્છલ બંનેના દેશવિદેશના સ્ટેજ શો પણ ભારે લોકપ્રિય છે. સ્મૃતિ હાલ ભારતની મહિલા ક્રિકેટ ટીમની વાઈસ કેપ્ટન અને ઓપનર છે.

### ભારતના રાજદૂત હોવા છતાં સતત સુરક્ષા હેઠળ ફરવું અજુગંતુ લાગે છેઃ પટનાયક

## કેનેડામાં હવે ભારતીયો અસલામત હોવાનું અનુભવે છેઃ ભારતીય રાજદૂત

(સંપૂર્ણ સમાચાર સેવા)ઓટાવા, કેનેડામાંથી મોટી સંખ્યામાં ભારતીયોને બળજબરીથી હાંકી કાઢવાની ઘટનાઓમાં થયેલાં વધારા વચ્ચે કેનેડામાં ભારતના નવા રાજદૂતે અહીં વસતા ભારતીયોની સુરક્ષા અંગે ઘેરી ચિંતા વ્યક્ત કરી છે.

કેનેડા સાથેના રાજદ્વારી સંબંધો પુનઃસ્થાપિત કરાયા બાદ ભારતે દિનેશ કે. પટનાયકની કેનેડામાં ભારતના નવા રાજદૂત તરીકે નિમણૂક કરી છે. પટનાયકે તાજેતરમાં એક મુલાકાતમાં જણાવ્યું હતું કે, ભારતીયોને હવે કેનેડામાં સલામતી નથી લાગતી. એટલું જ નહીં તેમણે જણાવ્યું હતું કે, કેનેડામાં ભારતના રાજદૂત હોવા છતાં તેમણે સતત સુરક્ષા વ્યવસ્થા સાથે ફરવું પડે તે અજુગતુ લાગે છે. કેનેડાએ આ સ્થિતિને ભારતીયોની સમસ્યા તરીકે ના મૂલવવી જોઈએ. આ કેનેડાની સમસ્યા છે. કેટલાંક કેનેડિયન નાગરિકો છે જે આ સ્થિતિનું નિર્માણ કરી રહ્યાં છે. ખાલિસ્તાન તરફી કટ્ટરવાદીઓનું નામ લીધા વગર પટનાયકે જણાવ્યું હતું કે, અહીં અનેક સ્થળોએ કેટલાંક જૂથો ભારતીય મૂળના નાગરિકોને ધમકાવતા હોય તેવી ઘટનાઓ છાશવારે જોવા મળી રહી છે. કેનેડામાંથી ભારતીય નાગરિકોને જબરદસ્તીથી સ્વદેશ હાંકી કાઢવાના અહેવાલો વચ્ચે પટનાયકે આ ટિપ્પણી કરી હતી. ૨૦૨૪માં ૧,૯૯૭ ભારતીયોને કેનેડામાંથી બળજબરીથી ભારત પરત મોકલવામાં આવ્યાં હતાં. ૨૦૧૯માં ૬૨૫ ભારતીયોને કેનેડામાંથી હાંકી કઢાયાં હતાં.કેનેડિયન બોર્ડર સર્વિસિસ એજન્સી (સીબીએસએ)ના આંકડા અનુસાર, જુલાઈ ૨૦૨૫ સુધીમાં ૧,૮૯૧ ભારતીયોને દેશ છોડવા સૂચના અપાઈ હતી. કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ તાજેતરમાં જ એક નિવેદનમાં દેશમાંથી ગેરકાયદે વસાહતીઓને હાંકી કાઢવા માટેની યોજનાને વધુ આક્રમક બનાવવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, અગાઉની જસ્ટિન ટ્રુડો સરકારના શાસન દરમિયાન ભારત અને કેનેડાના સંબંધો વણસ્યાં હતાં. જેને પગલે બંને દેશોએ એકબીજાના દેશમાંથી રાજદૂતોને પરત બોલાવી લીધાં હતાં.

### કચ્છમાં અડધા ડઝનથી વધુ કેસ સામે આવ્યાં

## સલામત ગણાતા બાયોમેટ્રિક બેન્ક એકાઉન્ટ્સને ભેદીને સાયબર ફ્રોડ

### બેન્કો કે સરકારી ખાતાંઓમાં રજૂ કરાયેલી ફીંગરપ્રિન્ટના ડેટા ચોરીને સાયબર ક્રાઈમ આચરતા તત્વો માર્કેટમાં રૂા. ૧૫૦૦૦ના ભાવે વેચાઈ રહ્યાંનો દાવો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી સાયબર ફ્રોડના અનેક કિસ્સાઓ બને છે તેમાં પાંચ વર્ષ પછી ફરી એક વખત સલામત ગણાતાં બાયોમેટ્રિક બેન્ક એકાઉન્ટસ ભેદીને સાયબર ફ્રોડ થવા લાગ્યાં છે. તાજેતરમાં જ કચ્છમાં આવા અડધો ડઝનથી વધુ કિસ્સા બની ચૂક્યાં છે. ગુજરાતના નાના શહેરો અને ગ્રામ્ય વિસ્તારના નાગરિકોને ટાર્ગેટ કરવા માટે બાયોમેટ્રિક બેન્ક એકાઉન્ટસને ટાર્ગેટ કરાઈ રહ્યાંની મજબૂત આશંકા છે.

ફીંગરપ્રિન્ટ, ફેસ સ્કેન કે પછી વોઈસ પેટર્નથી ઓપરેટ થતાં બાયોમેટ્રિક બેન્ક એકાઉન્ટસનો ડેટા ગઠિયાઓ સુધી કઈ રીતે પહોંચે છે તે સૌથી મોટો સવાલ છે. સરકારી તંત્ર અને બેન્કોમાં આધુનિકીકરણ વચ્ચે ગુજરાતના સવા કરોડ રેશનકાર્ડ હોલ્ડર્સ ઉપરાંત બેન્કોમાં અપાતાં બાયોમેટ્રિક બેન્ક એકાઉન્ટસના ડેટા વેચાયાની પણ શંકા છે.આ વર્ષે દિવાળી અગાઉ સાયબર ગઠિયાઓએ નાગરિકોના બાયોમેટ્રિક ડેટા ચોરીને તરખાટ મચાવ્યો છે. બાયોમેટ્રિક ફ્રોડના કિસ્સાઓમાં દિવાળીના તહેવારો પહેલાંથી ઉછાળો આવ્યો છે.

કચ્છ જિલ્લામાં સત્તાવાર ફરિયાદો થઈ ચૂકી છે. બાયોમેટ્રિક ળોડના મૂળમાં સરકારી તંત્ર અને બેન્કોનું આધુનિકીકરણ અને તેમાં રહેલી તૂટીઓ કારણભૂત હોવાનો ઘટસ્ફોટ થઈ રહ્યો છે. સરકારી તંત્રમાં ખાસ કરીને રેશનકાર્ડથી વિતરીત થતી ખાદ્ય અને અન્ય સામગ્રી માટે બાયોમેટ્રિક સિસ્ટમ અમલમાં છે. સાથે જ અનેક બેન્કો દ્વારા સરળ અને ઝડપી કાર્યપધ્ધત માટે બાયોમેટ્રિક સિસ્ટમ અમલમાં મુકવામાં આવી છે. આ માટે બેન્ક ખાતેદારની ફીંગરપ્રિન્ટ, ફેસ સ્કેન કે વોઈસ પેટર્ન પદ્ધતિ અમલમાં મુકાયેલી છે. સાયબર ગઠિયાઓ બેન્ક ખાતેદારોની ફીંગર પ્રિન્ટ ગમે ત્યાંથી ચોરી લે છે. એવી ચોંકાવનારી વિગતો છે કે, બેન્કો કે સરકારી ખાતાંઓમાં રજૂ કરાયેલી ફીંગરપ્રિન્ટના ડેટા ચોરીને સાયબર ક્રાઈમ આચરતા તત્વો માર્કેટમાં રૂા. ૧૫૦૦૦ના ભાવે વેચાઈ રહ્યાં છે. બાયોમેટ્રિક સિસ્ટમમાં ફીંગરપ્રિન્ટ ઉપરાંત ફેસ સ્કેન પધ્ધતિ પણ અમલમાં છે. સાયબર ગઠિયાઓ હવે માસ્ક કે થ્રી-ડી મોડેલ પધ્ધતિનો અમલ કરીને બેન્કોની ચહેરા ઓળખતી સિસ્ટમને પણ મ્હાત આપી રહ્યાં છે. અમુક કિસ્સામાં વોઈસ પેટર્નથી પણ બેન્ક ખાતાં ઓપરેટ થતાં હોય છે તેમાં પણ હવે સાયબર ગઠિયાઓ ઘૂસી ચૂક્યાં હોવાનો ઘટસ્ફોટ થયો છે. બેન્ક એકાઉન્ટ સાથે કનેક્ટેડ વોઈસ પેટર્નની કોપી કરીને કોમ્પ્યુટર ઉપર ખાસ પ્રોગ્રામ્સથી કમાન્ડ આપીને બેન્ક ખાતાંઓમાંથી પૈસા ચોરવામાં આવે છે.


## આપને નૂતન વર્ષાભિનંદન પાઠવતા મેયર શ્રીમતી પ્રતિભાબેન રાકેશકુમાર જૈન



મેયરશ્રી પ્રતિભાબેન રાકેશકુમાર જૈન શહેરના નગરજનોને વિક્રમ સંવત ૨૦૮૨ના નૂતન વર્ષમાં સૌને સુખ, શાંતિ, સમૃધ્ધિ, ઐશ્વર્ય અને તંદુરસ્તીની પ્રાર્થના સાથે જણાવે છે કે નૂતન વર્ષમાં પરમ કૃપાળુ પરમાત્માની કૃપા દ્રષ્ટિ આપ સૌ પર અવિરત રહે અને જીવનમાં આપ સૌની ઉત્તરોત્તર પ્રગતિ થાય એવી મંગલકામના.

ભારતીય સનાતન સંસ્કૃતિમાં દિવાળી મહત્વપૂર્ણ તહેવાર છે, જે ધર્મ, આસ્થા અને સાંસ્કૃતિક પરંપરાઓ સાથે જોડાયેલો છે. દિવાળી એ અંધકાર પર પ્રકાશના વિજયનું પ્રતીક છે, જે સનાતન સંસ્કૃતિમાં જ્ઞાન અને સત્યનું વરદાન દર્શાવે છે. દિવાળી જીવનના ચાર પુરુષાર્થો – ધર્મ, અર્થ, કામ અને મોક્ષ સાથે સંકળાયેલ છે. આ તહેવાર આધ્યાત્મિક વિકાસ તરફ પ્રયાણ કરવાની પ્રેરણા આપે છે.

માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના માર્ગદર્શન હેઠળ અને માનનીય કેન્દ્રીય ગૃહ અને સહકારીતા મંત્રીશ્રી અમિતભાઈ શાહજીના નેતૃત્વમાં "ઓપરેશન સિંદુર"ની સફળતાથી દુનિયાના દેશોને બતાવ્યુ કે, આતંકવાદ કે દેશની સુરક્ષા-સલામતી વિરૂધ્ધમાં કોઈ પણ પ્રવૃતિ ભારત ચલાવી લેશે નહી.

તાજેતરમાં સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૪-૨૫માં મહામહીમ રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુજી દ્વારા અમદાવાદ શહેરને ૧૦ લાખથી વધુ વસ્તીવાળા શહેરની શ્રેણીમાં દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે "ક્લીનેસ્ટ બીગ સીટી" એવોર્ડ તથા ગુજરાત રાજ્ય સરકાર દ્વારા પણ ૧૦ લાખથી વધુ વસ્તી ધરાવતી મહાનગરપાલિકાની શ્રેણીમાં પ્રથમ ક્રમાંક સાથે "નિર્મળ ગુજરાત એવોર્ડ્સ" પ્રાપ્ત થયો છે જે તમામ નગરજનો માટે ગર્વની બાબત છે.

માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીની પ્રેરણાથી રાજ્યના શહેરોને સ્માર્ટ અને સસ્ટેનેબલ બનાવવા આ વર્ષને શહેરી વિકાસ વર્ષ – ૨૦૨૫ તરીકે ઉજવી રહ્યા છીએ, સાથે સાથે રમત-ગમત ક્ષેત્રે ઓલીમ્પીક અને કોમનવેલ્થ જેવી આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓના પ્રોત્સાહન માટે આપણા શહેરમાં ઉચ્ચ કક્ષાનું "વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ" તૈયાર કરવામાં આવ્યું છે તથા અન્ય સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રકચર પણ વિકસાવી રહ્યા છીએ તેમજ શહેરને હરીયાળું બનાવવા "એક પેડ માં કે નામ' અભીયાનથી પ્રેરીત થઈ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા "મિશન ફોર મિલીયન ટ્રીઝ" થકી શહેરના ગ્રીનકવરમાં સતત વધારો થઈ રહ્યો છે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં જ **Next Gen GST reforms** થકી જી.એસ.ટી.ના દરોમાં ઘટાડો કરી નાગરીકોને આર્થિક રાહત મળે તેવા ઉમદા નિર્ણયો કરવામાં આવ્યા છે ત્યારે આપણે પણ સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન અને તેના ઉપયોગ માટે માનનીય પ્રધાનમંત્રીશ્રીના "વોકલ ફોર લોકલ"ના મંત્રને સમર્પિત થઈ આત્મનિર્ભરતા સાથે દેશના અર્થતંત્રને વધુ મજબૂત બનાવીએ.

"સર્વજન હિતાય સર્વજન સુખાય"ની ભાવના સાથે દીઘર્દ્રષ્ટા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ નાખેલો વિકાસનો મજબૂત પાયો, કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહજીની વિકાસલક્ષી પ્રેરણા તથા મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલજીની કર્તવ્યનિષ્ઠા, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ભારતીય જનતા પાર્ટીની ચુંટાયેલી પાંખ અને સૌ શહેરીજનોના પ્રયાસથી વિકસિત ભારત@૨૦૪૭ના સંકલ્પને સાકાર કરતા આપણું શહેર વિકાસનો પર્યાય બની રહ્યું છે.

દિવાળી એટલે ભગવાન શ્રીરામ દ્વારા અસત્ય પર સત્યના વિજય સ્વરૂપ રાવણ વધ કરી અયોધ્યા પાછા આવવાનો પવિત્ર દિવસ અને નૂતન વર્ષ એટલે રામ રાજ્યની સ્થાપનાની શરૂઆત. ભગવાન શ્રીરામ, શ્રીજગન્નાથજી અને નગરદેવી માં ભદ્રકાળીની કૃપા સૌ શહેરીજનો પર અવિરત રહે તેવી અભ્યર્થના સાથે આપણે સૌ લોક-સુખાકારીના કાર્યો કરતા રહીએ એવી પ્રતિબધ્ધતા વ્યક્ત કરી નૂતન વર્ષાભિનંદન પાઠવું છું.

શ્રીમતી પ્રતિભાબેન રાકેશકુમાર જૈન (મેયર)
શ્રી જતીન પટેલ (ડેપ્યુટી મેયર)
શ્રી દેવાંગ દાણી (સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન)
શ્રી ગૌરાંગ પ્રજાપતિ (નેતા, મ્યુ.શાસક પક્ષ)
શ્રીમતી શીતલ આનંદકુમાર ડાગા (દંડક, મ્યુ.શાસક પક્ષ)


## કેબીસીમાં અમિતાભ સાથે વર્તન માટે ૧૦ વર્ષના ઈશિતે માંગી માફી

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ 'કૌન બનેગા કરોડપતિ ૧૭ જુનિયર'માં તાજેતરમાં જોવા મળેલા ૧૦ વર્ષીય ઈશિત ભટ્ટે અમિતાભ બચ્ચન સાથેના વર્તન માટે માફી માંગી છે. ગાંધીનગરના આ બાળકે સોશિયલ મીડિયા પર વીડિયો શેર કરીને પોતાના વર્તન પર પસ્તાવો વ્યક્ત કર્યો અને કહ્યું કે તેનો એવો કોઈ ઈરાદો નહોતો. ઈશિત ભટ્ટ હોટસીટ પર બેઠો અને રમત રમી, પરંતુ તેની રમત કરતાં અમિતાભ બચ્ચન સાથેનું વર્તન વધુ ચર્ચામાં આવ્યું હતું. અમિતાભ જ્યારે પ્રશ્ન પૂછતા ત્યારે ઈશિત વિકલ્પો આવે તે પહેલાં જ જવાબ આપી લોક કરવા કહેતો હતો.નિયમો સમજાવવા જતાં તેમને અટકાવીને કહ્યું કે 'રૂલ્સ સમજાવવા ન બેસો, મને બધું ખબર છે.' આ વર્તનથી લોકો ગુસ્સે થયા અને તેને ખરાબ વાતો કહી, તેમજ પરિવારની પરવરિશ પર પણ સવાલ ઉઠાવ્યા. ઈશિતે ઈન્સ્ટાગ્રામ પર એપિસોડની ક્લિપ સાથે વીડિયો શેર કર્યો અને અમિતાભ તથા કેબીસી ટીમ પાસે દિલથી માફી માંગી હતી. તેણે કહ્યું કે તેના વાણીથી ઘણાને દુઃખ થયું અને તેને ખૂબ પસ્તાવો છે. તે વખતે તે ગભરાઈ ગયો હતો અને વર્તન ખોટું થઈ ગયું, પરંતુ બેરુખું વર્તન કરવાનો ઈરાદો નહોતો. તેણે અમિતાભ અને ટીમનો આદર વ્યક્ત કર્યો. ઈશિતે વધુમાં કહ્યું કે આ ઘટના બાદ તેણે મોટી શીખ મળી છે કે શબ્દો અને વર્તન વ્યક્તિની ઓળખ બનાવે છે, ખાસ કરીને મોટા મંચ પર. તેણે વચન આપ્યું કે આગળ તે વધુ વિનમ્ર, આદરપૂર્ણ અને વિચારશીલ રહેશે.


નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક


## રિયાધમાં સલમાન ખાને બલુચિસ્તાનને પાકિસ્તાનથી અલગ ગણાવતાં વિવાદ

### અન્ય યુઝર્સના મતે આ નિવેદન દ્વારા સલમાને બલુચિસ્તાનના નાગરિકોની અલગ ઓળખને માન્યતા આપવાનો પ્રયાસ કર્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)રિયાધ, પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે ચાલી રહેલી લડાઈ તથા બલુચ વિદ્રોહીઓએ પાકિસ્તાન વિરુદ્ધ ખોલેલાં મોરચા વચ્ચે બોલિવૂડના અભિનેતા સલમાન ખાનના એક નિવેદને સોશિયલ મીડિયા પર નવી ચર્ચા અને વિવાદને જન્મ આપ્યો છે. સાઉદી અરેબિયાની રાજધાની રિયાધમાં યોજાયેલા એક કાર્યક્રમમાં સલમાન ખાને મધ્ય-પૂર્વના દેશોમાં કામ કરતાં દક્ષિણ એશિયન સમુદાયના લોકોનો ઉલ્લેખ કરતી વખતે બલુચિસ્તાનને પાકિસ્તાનથી અલગ ગણાવ્યું હતું. જોય ફોરમ, ૨૦૨૫ નામના આ કાર્યક્રમને સંબોધતા સલમાને જણાવ્યું હતું કે, જો તમે કોઈ હિન્દી ફિલ્મ બનાવીને સાઉદી અરેબિયામાં રીલિઝ કરો છો તો તે સુપરહિટ જશે. કોઈ તમિળ ફિલ્મ રીલિઝ કરશો તો તે હજારો કરોડોનો કારોબાર કરશે, કારણકે અહીં અન્ય દેશોના લોકોની સંખ્યા ઘણી વધારે છે. અહીં બલુચિસ્તાનના લોકો છે, પાકિસ્તાનના લોકો છે... અહીં વિવિધ દેશોના લોકો કામ કરી રહ્યાં છે. આ વખતે સલમાનની સાથે મંચ પર શાહરૂખ ખાન અને આમિર ખાન પણ ઉપસ્થિત હતાં. કાર્યક્રમ બાદ સલમાનનું આ નિવેદન સોશિયલ મીડિયા પર વાયરલ થયું હતું. જેમાં અનેક લોકોએ પોતાની પ્રતિક્રિયાઓ આપી હતી. કેટલાંક યુઝર્સે બલુચિસ્તાનનો પાકિસ્તાનથી અલગ ઉલ્લેખ કરવાના સલમાનના ઈરાદા અંગે સવાલ કર્યા હતાં, તો કેટલાંકે તેને અભિનેતાની અજાણતાં કરાયેલી ભૂલ ગણાવી હતી. એક વરિષ્ઠ પત્રકારે સોશિયલ મીડિયા પર લખ્યું હતું કે, આ શરતચૂક હતી કે નહીં તેની મને ખબર નથી, પરંતુ તે અદભૂત હતું, સલમાને બલુચિસ્તાનના લોકોને પાકિસ્તાનના લોકોથી અલગ ગણાવ્યાં છે.કેટલાંક સોશિયલ મીડિયા યુઝર્સના મતે આંતરરાષ્ટ્રીય વિષયો બાબતની અજ્ઞાનતાને કારણે સલમાને આવું નિવેદન કર્યું હોઈ શકે છે. અન્ય યુઝર્સના મતે આ નિવેદન દ્વારા સલમાને બલુચિસ્તાનના નાગરિકોની અલગ ઓળખને માન્યતા આપવાનો પ્રયાસ કર્યો છે. જસ્મિન અહેમદ નામના એક યુઝર્સે લખ્યું છે કે, જ્યારે સલમાન ખાન જેવી વ્યક્તિ બલુચિસ્તાન, અફઘાનિસ્તાન અને પાકિસ્તાન... કહે ત્યારે તેનો અર્થ ઘણો માર્મિક ગણવો જોઈએ. અન્ય એક યુઝર્સના મતે સલમાને પણ બલુચિસ્તાનને એક અલગ દેશ તરીકે માન્યતા આપી અમારા વિચારોનું સમર્થન કર્યુ છે.

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

# આયુર્વેદિક, એલોપેથિક તબીબો વચ્ચે સમાનતાનો મુદ્દો લાર્જર બેન્ચને સોંપાયો

## બેન્ચે રાજ્યો દ્વારા કરાયેલી ૩૧ જેટલી અરજીઓની સુનાવણી કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશમાં સ્વદેશી ચિકિત્સા પદ્ધતિ (આયુષ, યુનાની, આર્યુવેદ, હોમિયોપેથી વગેરે) અપનાવતા તબીબો અને એલોપેથિક ડોક્ટર્સ વચ્ચે સેવાની શરતો, પગાર ધોરણ અને નિવૃત્તિ વય સંબંધિત સમાનતાના મુદ્દાને સુપ્રીમ કોર્ટે લાર્જર બેન્ચ સમક્ષ મોકલી આપ્યો છે.

૧૩ મેના સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ બી આર ગવઈ તથા જસ્ટિસ કે વિનોદ ચંદ્રનની બેન્ચે સરકારી હોસ્પિટલો અને ક્લિનિક્સમાં આયુષના પ્રેક્ટિશનરો અને એલોપેથી ડોકટરો માટે નિવૃત્તિની ઉંમર અલગ હોઈ શકે છે કે કેમ તે અંગે જવાબ માંગતી અરજીઓ પર ચુકાદો અનામત રાખ્યો હતો.૧૭ ઓક્ટોબરના જાહેર કરાયેલા ઓર્ડરમાં બેન્ચે જણાવ્યું કે, બે જુદી જુદી પ્રણાલીના તબીબોને સેવા લાભો માટે સમાન ગણી શકાય કે કેમ તે મુદ્દે મતભેદ હોવાથી અધિકૃત નિર્ણય કરવા મોટી બેન્ચને સોંપ્યો છે. શું આયુષ ડોક્ટર્સ એલોપેથિક ડોક્ટર્સની સમાન નિવૃત્તિ લાભ તથા પગાર ધોરણનો દાવો કરી શકે છે તે મુદ્દે નિર્ણયોમાં જુદા જુદા વલણો સામે આવ્યા હોવાનું કોર્ટે નોંધ્યું હતું.

કોર્ટે જણાવ્યું કે, રાજ્યોની એ રજૂઆતને અવગણી શકાય નહીં કે, (એલોપેથિક ડોક્ટર્સની) નિવૃત્તિ વયમાં એજ ઉદ્દેશથી વધારો કરાયો હતો કે લોકોની સારવાર માટે પૂરતા અનુભવી તબીબો ઉપલબ્ધ છે તે સુનિશ્ચિત થાય. એલોપેથીની જેમ હોમિયોપેથી કે સ્વદેશી ચિકિત્સા પ્રણાલીમાં ડોક્ટર્સની અછત જોવા મળતી નથી.

લાર્જર બેન્ચનો ચુકાદો આવે ત્યાં સુધી કોર્ટે રાજ્યો અને સત્તાવાળાઓ આયુષ તબીબોને તેમની વર્તમાન નિવૃતિની વય ઉપરાંત, એલોપેથિક તબીબો માટે લાગુ થતી વયનિવૃત્તિ સુધી કામચલાઉ ધોરણે નિયમિત પગાર અને ભથ્થા વગર પ્રેક્ટિસ ચાલુ રાખવા છૂટ આપે. જો લાર્જર બેન્ચનો ચુકાદો આયુષ ડોક્ટરોની તરફેણમાં આવે તો સેવાના લંબાવાયેલા સમય ગાળા માટે આ તબીબોને પૂરો પગાર તથા ભથ્થાં ચૂકવાશે તેમ કોર્ટે જણાવ્યું હતું.

બેન્ચે રાજ્યો દ્વારા કરાયેલી ૩૧ જેટલી અરજીઓની સુનાવણી કરતા સોલિસિટર જનરલ તુષાર મહેતા (રાજસ્થાન સરકાર તરફથી) સહિત સંખ્યાબંધ વકીલોની દલીલો સાંભળી હતી.









# મહીજડા ગામમાં દાગીના લૂંટી વૃદ્ધાની હત્યા કરી શખ્સો ફરાર

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ ગ્રામ્યના મહીજડા ગામમાં રહેતા વૃદ્ધા કચરો વીણવા ઘરેથી નીકળ્યા હતા. સાંજ સુધી ઘરે પરત ન આવતા પરિવારજનોએ શોધખોળ હાથ ધરી હતી. ગુમ થયાના ત્રણ દિવસ બાદ ગામની સીમમાં ખેતર નજીક કુંડીની પાળી પર લાકડા નીચેથી વૃદ્ધાની લાશ મળી હતી. અસલાલી પોલીસે તપાસ કરતા વૃદ્ધાના દાગીનાની લૂંટ થઈ હતી. પોલીસે લૂંટ વિથ મર્ડરનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. બાવળાના ડુમાલી ગામની પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા ભાનુભાઈ ગોરિયા વટવા ગામડી રોડ પર રહે છે. તેમની ૬૮ વર્ષીય માતા લક્ષ્મીબેન અસલાલીના મહીજડા ગામે રહેતા હતા. લક્ષ્મીબેન ક્યારેક પ્લાસ્ટિકની બોટલો, લાકડા વીણવાનું કામ કરતા હતા. ગઈ તા.૧૩મીએ તે ગામની સીમમાં રેલવેના પાટા નજીક ભંગાર વીણવા ગયા હતા. સાંજ સુધી ઘરે પરત ન આવતા પરિવારજનોએ અનેક ઘણી શોધખોળ કરી હતી. બાદમાં અસલાલી પોલીસ સ્ટેશનમાં ગુમ થવા બાબતે જાણ કરાઈ હતી. આ દરમિયાનમાં ત્રણ દિવસ બાદ ગામના પડતર વિસ્તારમાં આવેલા એક ખેતરમાં પાણીની કુંડીમાંથી તીવ્ર દુર્ગંધ આવતા ત્યાં શોધખોળ કરાઈ હતી. તપાસ કરી તો પાળી પર પડેલા લાકડા નીચે લાશ મળી આવી હતી. તપાસ કરતા લક્ષ્મીબેનના શરીર પરથી દાગીના ગાયબ હતા. આ મામલે અસલાલી પોલીસે ૧.૧૧ લાખના દાગીનાની લૂંટ કરી વૃદ્ધની હત્યા કરનારને શોધવા તજવીજ હાથ ધરી છે.

# જુહાપુરાના જાણીતા ગુજરાત ફ્રીઝના ગોડાઉનમાંથી ૨૦ લાખ રોકડની ચોરી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

સરખેજ જુહાપુરા રોડ પર આવેલી જાણીતા ગુજરાત ફ્રીઝના ગોડાઉનમાંથી રોકડા ૨૦ લાખની ચોરી થવા પામી છે. આ મામલે પોલીસને જાણ કરાતા વેજલપુર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. આ ચોરી કરનાર શખ્સ કોઈ જાણભેદુ હોવાની શંકા પણ પોલીસે વ્યક્ત કરી છે.

જુહાપુરામાં આવેલી ગુલપોસ પાર્ક સોસાયટીમાં રહેતા અસ્લમભાઈ પરમાર સરખેજ જુહાપુરા રોડ પર ગુજરાત ફ્રીઝ નામથી ફ્રીઝ અને વોશિંગ મશીનનો વેપાર કરે છે. આ વેપારમાં અસ્લમભાઈના સગા માસા ઈરફાનભાઈ કેશિયરનું કામ સંભાળે છે. ગત શુક્રવારે રાત્રે માલિક સહિતના લોકો રોકડા રૂપિયા ગોડાઉનમાં મૂકીને ઘરે ગયા હતા. ગત રવિવારે જ્યારે કર્મચારી નફીસ ગોડાઉને આવ્યો ત્યારે અન્ય કર્મચારીઓ પણ કામે આવ્યા હતા. તમામ લોકો સાફસફાઈ કરી રહ્યા હતા ત્યારે હુસેન વકફ કમિટી તરફથી આપવામાં આવેલી દાનપેટી તુટેલી હાલતમાં હતી. જેથી અસ્લમભાઈએ તપાસ કરતા ડ્રોઅર પણ તુટેલું હતું. તપાસ કરતા આઠ દિવસના વકરાના ૨૦ લાખ રોકડા ચોરી થયા હતા. તસ્કરોએ ગોડાઉનની છતના પતરાના નટબોલ્ટ ખોલીને ગોડાઉનમાં ઘૂસીને ચોરીને અંજામ આપ્યો હોવાનું સામે આવ્યું હતું. આ મામલે પોલીસને જાણ કરાતા વેજલપુર પોલીસે ગુનો નોંધી ગોડાઉનના સીસીટીવી આધારે તપાસ હાથ ધરી છે. સીસીટીવીમાં રાત્રે બે વાગ્યે એક શખ્સ ગોડાઉનમાં પ્રવેશતા દેખાયો હોવાથી પોલીસે તે દિશામાં તપાસ શરૂ કરી છે. ઉલ્લેખનીય છે કે દિવાળીના પર્વ દરમિયાન પોલીસે પેટ્રોલિંગ હાથ ધર્યુ હોવા છતાં દિવસ રાત લોકોની અવર જવરથી ધમધમતા રોડ પર જ ચોરીનો બનાવ બનતા ક્રાઈમ બ્રાંચ સહિતની એજન્સીઓ કામે લાગી છે.

### દરખાસ્ત રજૂ કરતી વખતે ભૂલો ન થાય તે માટે સ્કૂલોને ચેકલિસ્ટ પણ મોકલાયું

# ખાનગી સ્કૂલોને ૩૧ ઓક્ટોબર સુધી ફી મંજૂરી માટેની દરખાસ્ત મોકલવા તાકીદ

## સ્કૂલોએ બે નકલમાં ફાઈલો તૈયાર કરી શાળા બીટના એજ્યુકેશન ઈન્સ્પેક્ટર સમક્ષ યોગ્ય ચકાસણી કરાવી લેવાની પણ તાકીદ કરાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ ઝોનના તમામ જિલ્લાઓની ખાનગી સ્કૂલોને 31 ઓક્ટોબર સુધીમાં ફી મંજૂરી માટેની દરખાસ્ત રજૂ કરવા માટે જિલ્લા શિક્ષણાધિકારીને તાકીદ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. જોકે, આ સમયગાળા દરમિયાન દિવાળી વેકેશન હોવાના લીધે સંભવત મુદતમાં વધારો થઈ શકે તેમ નિષ્ણાંતોનું માનવું છે. સ્કૂલો દ્વારા ફી કમિટી સમક્ષ દરખાસ્ત રજૂ કરતી વખતે અનેક પ્રકારના છબરડા કરવામાં આવતા હોવાના લીધે ફી કમિટી દ્વારા જિલ્લા શિક્ષણાધિકારી મારફત સ્કૂલોને ચેકલિસ્ટ પણ મોકલી આપ્યું છે. જેથી તેની મદદથી સ્કૂલો દ્વારા કમિટી સમક્ષ દરખાસ્ત રજૂ કરી શકશે. પ્રાપ્ત માહિતી અનુસાર, અમદાવાદ ઝોનની ફી રેગ્યુલેટરી કમિટી (FRC)એ જિલ્લાના DEO-DPEO મારફતે સ્કૂલોને સૂચના આપી છે. જેમાં જણાવાયું છે કે, ખાનગી સ્કૂલો દ્વારા સમયાંતરે ફી કમિટી સમક્ષ જિલ્લા શિક્ષણાધિકારી કક્ષાએથી ફી મંજૂરી માટે દરખાસ્તો રજૂ કરવામાં આવતી હોય છે. જેમાંથી ઘણી દરખાસ્તો ભૂલોવાળી, અધુરી, જુદી જુદી ક્ષતિઓ વાળી ફાઈલો રજૂ થતી હોવાનું તપાસ દરમિયાન સામે આવી છે. જેથી ઝડપથી અને સરળતાથી ફી મંજૂરીની કામગીરી થતી નથી અને પૂર્તતાઓ કરવામાં સમયનો વ્યય થાય છે. જેથી તમામ સ્કૂલોએ ફી મંજૂરી માટેની દરખાસ્ત કેવી રીતે કરવી એ અંગેનું ચેક લિસ્ટ સ્કૂલોને મોકલી અપાયું છે. જેથી જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા આ ચેકલિસ્ટ સ્કૂલોને મોકલી અપાયું છે અને તેની મદદથી દરખાસ્ત કરવા માટે સૂચના આપી છે. અમદાવાદ શહેર ડીઈઓએ તમામ સ્કૂલોને પરિપત્ર મારફતે સૂચના આપી છે કે, સ્વનિર્ભર પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ દ્વારા શૈક્ષણિક વર્ષ 2026-27ના માટે શાળાની ફી મંજૂર કરાવવા માટેની દરખાસ્ત આગામી 31 ઓક્ટોબર સુધી રજૂ કરી દેવાની રહેશે. સ્કૂલોએ બે નકલમાં ફાઈલો તૈયાર કરી શાળા બીટના એજ્યુકેશન ઈન્સ્પેક્ટર સમક્ષ યોગ્ય ચકાસણી કરાવી લેવાની પણ તાકીદ કરાઈ છે. દરખાસ્તમાં રૂ.15 હજાર, રૂ.25 હજાર અને રૂ.30 હજારથી વધુ ફી લેતી સ્કૂલોનો સમાવેશ થાય છે. એ સિવાયની સ્કૂલોએ એફિડેવિટ ઓનલાઈન રજૂ કરવાની સૂચના આપી છે.

# વાસદ- આણંદ રેલવે લાઈન પર ટ્રેનની અડફેટે યુવકનું મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)આણંદ

આણંદ તાલુકાના વાસદથી આણંદ તરફ જતી રેલવે લાઈન ઉપર ગઈકાલ રાત્રિના સુમારે એક ટ્રેન પસાર થઈ રહી હતી. દરમિયાન એક અજાણ્યો ૩૦થી ૩૫ વર્ષના આશરાનો યુવક ટ્રેનની અડફેટે આવી જતા તેને માથા તેમજ શરીરના અન્ય ભાગોએ ગંભીર ઈજાઓ થવાના કારણે તેનું ઘટના સ્થળે જ કરુણ મોત થયું હતું. અકસ્માતને પગલે આસપાસના સ્થાનિકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને વાસદ પોલીસને જાણ કરતાં પોલીસની ટીમ પણ ઘટના સ્થળે દોડી ગઈ હતી. પોલીસે અજાણ્યા યુવકના મૃતદેહનો કબજો લઈ પોસ્ટમોર્ટમ અર્થે સરકારી હોસ્પિટલમાં મોકલી આપ્યો હતો. હાલ તો વાસદ પોલીસે અપમૃત્યુની નોંધ કરી મૃતકના વાલી વારસો અંગે શોધખોળ હાથ ધરી છે.

# સાવરકુંડલામા દિવાળીના દિવસે જામી ઈંગોરીયા અને કોકડાની લડાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમરેલી

સાવરકુંડલામા દિવાળીના દિવસે જામે છે ઈંગોરીયા અને કોકડાની લડાઈ.આ કોઈ બે દેશ વચ્ચેનુ યુધ્ધ નથી અને જે આગના ગોળા દેખાઈ રહ્યાં છે તે અસલી બારુદ નથી પરંતુ સાવરકુંડલામાં વર્ષોથી રમાતી પરંપરાગત રમતનો એક ભાગ છે. સાવરકુંડલામાં દૂનિયામાં એક માત્ર એવુ ગામ છે જ્યાં શિવાકાશીના ફટાકડાના બદલે હોમમેઈડ ફટાકડા યુવાનો એક બીજા પર ફેંકતા રહે છે. સાવરકુંડલામાં લગભગ ૮૦ વર્ષથી દિવાળીની રાતે જામે છે ઈંગોરિયાની લડાઈ. યુવાનો ગામના અલગ અલગ ચોકમાં ભેગા થઈ એક બીજા પર ઈંગોરિયા નામના ફટાકડા ફોડે છે. સળગતા આગના ગોળા યુવાનો હાથમાં એવી રીતે પકડે છે કે જાણે ગુલાબનુ ફુલ પકડ્યું હોઈ.

આ ઈંગોરિયાને સળગાવી યુવાનો એક બીજા પર ફેકે છે.આ રમત વર્ષોથી રમાતી આવે છે. લગભગ આ પેઢી થી આ રમત રમી રહી છે. પહેલાના સમયમાં સાવર અને કુંડલા વચ્ચે આ યુધ્ધ જામતુ હતુ. હવે શહેરના મુખ્ય ત્રણ ચોકમાં આ રમત રમાતી રહે છે.આ રમત જોવા લોકો અમદાવાદ, મુંબઈ, કલકત્તા, રાજકોટ જેવા મોટા સીટીમાંથી આવે છે.આ એક નિર્દોષ રમત છે. ઈંગોરીયાની રમત છેલ્લા ચાર દાયકાથી સાવરકુંડલામાં રમાય છે.પહેલા ઈંગોરીયાની રમત રમાતી હતી પરંતુ સમય જતાં હવે કોકડાએ સ્થાન લીધું છે.સાવરકુંડલા ના યુવાનો ઈંગોરીયા અને કોકડા એક બીજા ઉપર ફેંકે છે.આ રમતથી કોઈ વ્યક્તિ દાઝતું નથી.આ રમત સાવરકુંડલાના નાવલી ચોકમાં,રાઉન્ડ વિસ્તારમાં તેમજ દેવળાગેઈટ વિસ્તારમાં રમાય છે.સાવરકુંડલા ની બહાર રહેતા લોકો પણ ઈંગોરીયા અને કોકડાની રમત જોઈને ચકિત થઈ જાય છે.ઈંગોરિયા અને કોકડાની આ લડાઈમાં હજુ સુધી કોઈ જાન હાની થઈ નથી. આ ઉપરાંત કોઈ ગંભીર રીતે દાઝ્યુ હોઈ તેવુ પણ બન્યુ નથી. સંપુર્ણ પણે હોમમેઈડ એવા ઈંગોરિયાની લડાઈ જોવા દુર દુરથી લોકો સાવરકુંડલા આવે છે. ખાસ કરીને સાવરકુંડલાનો યુવાન દેશનો કોઈ પણ ખુણે સ્થાઈ થયો હોઈ પરંતુદિવાળીના દિવસે તે અચુક કુંડલામાં આ રમત રમવા આવે છે.


## હિંમતનગર નાગરિક સહકારી બેંક લિ.

હેડઓફિસ, સિનેમા રોડ, હિંમતનગર (૩૮૩૦૦૧).
જિ.સાબરકાંઠા (ઉ.ગુ.)
(૦૨૭૭૨-૨૪૧૭૭૩ Hnsb1964@hnsbank.com
www.hnsbank.com)

**શુભ દિપાવલી તથા નૂતન વર્ષાભિનંદન**

કારતક માસથી શરૂ થતું સંવત ૨૦૭૮નું નુતન વર્ષ - આપણી બેંકના સભાસદો, ખાતેદારો અને સર્વે વેપારી ભાઈઓનું સર્વે રીતે સુખદાયી નિવડે તેવી શુભકામના સાથે પ્રભુ-પ્રાર્થના

-: આપની સેવામાં આપણી બેંક :-
ઊંચી શાખ અને નક્કર સધ્ધરતા ધરાવતી.....
આપણી હિંમતનગર નાગરિક સહકારી બેંકમાં આપની બચતના નાણા મુકી ભવિષ્યની ચિંતામાંથી મુક્ત બનો.
ફિક્સ ડિપોઝીટ વ્યાજદરમાં વધારો ૧૨ માસ ૬.૮૦% -૩૬ માસ કે તેથી વધુ ૭.૧૦% (ચક્રવૃધ્ધિવ્યાજ)
ઉપરોક્ત દરમાં સિનિયર સીટીઝનને ૦.૫૦% વધુ વ્યાજ રૂા.૧૦૦૦૦/- કે તેથી વધુની થાપણ પર મળશે.

આપણી બેંકની ઓછા વ્યાજદરની ધિરાણ ઓફર

- નવિન કાર ખરીદવા ૮.૯૦%
- નવિન મકાન બનાવવા તથા ખરીદવા ૮.૯૦%
- ડોક્ટર્સ લોન - હોસ્પીટલ બિલ્ડીંગ ખરીદવા બનાવવા તથા તબીબી સાધનો ખરીદવા ૮.૫૦%
- સોનાના દાગીના પર લોન ૮.૯૦%, NSC-KVP સામે ધિરાણની સુવિધા.
- એચ.પી.સી.સી. ઔદ્યોગીક ટર્મલોન, હાઈપોથીકેશન ધિરાણ તથા ઓદ્યોગીક ધિરાણ, મોર્ગેજ લોન તથા મોર્ગેજ સીસી.

સૌથી સરળ, સૌથી ઝડપી લોન પ્રક્રિયા

બેંકની વિવિધ સુવિધાઓ જેવી કે, લોકર સુવિધા, દરેક સભાસદ રૂા.૨ લાખના અકસ્માત વિમાથી સુરક્ષિત, Rupay ATM (Debit) Card, મોબાઈલ બેન્કીંગ એપ્લીકેશન IMPS, NEFT, UPI, ઈન્ટરનેટ બેન્કીંગ (view only), SMS એલર્ટ, Miss Call Alert (09274746000)

**બોર્ડ ઓફ ડિરેક્ટર્સ**

હિરેનકુમાર નવીનચંદ્ર ગોર – ચેરમેન
નલિનકુમાર રમણભાઈ પટેલ – વાઈસ ચેરમેન

નલિનકુમાર મોહનભાઈ પટેલ
દિનેશકુમાર ચંદુલાલ મહેતા
દિલીપકુમાર જયંતિલાલ શાહ
પ્રવિણકુમાર અંબાલાલ પ્રજાપતિ
દિગ્વિજયસિંહ રણજિતસિંહ ચાવડા
રાજેશકુમાર ચીનુભાઈ અમીન
કેતનકુમાર નારાયણદાસ મોદી
રાકેશ માંગીલાલ સોની
કલ્પનાબેન દેવેશભાઈ પટેલ
કપિલાબેન ભરતભાઈ પટેલ
શશીકાન્ત ગોવિંદભાઈ સોલંકી
અનિલકુમાર મણીલાલ પટેલ (C.A. - પ્રો. ડિરે.)
કિરીટકુમાર પુનમચંદ ગાંધી (પ્રો. ડિરે.)

મુકેશભાઈ એસ. પટેલ, જનરલ મેનેજર
તથા સમસ્ત કર્મચારી પરીવાર
નિમેષકુમાર જે. મહેતા આસી. મેનેજર

-: શાખાઓ :-
હેડ ઓફીસ:- ૨૪૧૭૭૩, ૨૪૧૭૭૪, માર્કેટ યાર્ડ શાખા - ૨૪૬૨૫૦, મહાવીરનગર શાખા - ૨૩૩૦૭૬, મોતીપુરા શાખા -૨૨૯૫૪૭, મહેતાપુરા શાખા - ૨૨૩૨૫૨, સહકારી જીન રોડ શાખા - ૨૪૭૭૭૪, ગાંભોઈ શાખા - ૨૫૦૧૭૨



## નૂતન વર્ષાભિનંદન

**અખિલ ગુજરાત ગ્રામપંચાયત કલાર્ક/પટ્ટાવાળા મહામંડળ**

મનુસિંહ ચેહરસિંહ રાઠોડ – પ્રમુખ
શેતાનસિંહ એ. ચાવડા – ઉપપ્રમુખ
હસમુખભાઈ નાથાભાઈ દવે – મંત્રી
અશોકકુમાર જે. સાધુ – સહમંત્રી

સભ્યશ્રી દીનેશભાઈ એચ. પટેલ
સભ્યશ્રી નરેન્દ્રકુમાર અંબાલાલ પ્રજાપતિ
સભ્યશ્રી શંકરભાઈ માલાભાઈ ઠાકોર
સભ્યશ્રી ઘનશ્યામભાઈ બબાભાઈ પ્રજાપતિ
સભ્યશ્રી મહેશભાઈ સોમાભાઈ દસાડીયા
સભ્યશ્રી ગોવિંદગીરી રામગીરી ગૌસ્વામી

સહિત સ્ટાફવતી નવા વર્ષના નૂતન વર્ષાભિનંદન



## સાબરકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ

સાબર ડેરી, સબ પોષ્ટ : બોરિયા, હિંમતનગર - ૩૮૩૦૦૬. (ગુજરાત)
સાબરડેરીના આધુનિક પ્લાન્ટમાં પેક થયેલ પેશ્ચ્યુરાઈઝડ દૂધ અને છાપ વાપરવાનો હંમેશા આગ્રહ રાખો

★ અમૂલ દૂધ - અમૂલ ગોલ્ડ (૬% ફેટ), અમૂલ શક્તિ (૪.૫% ફેટ), અમૂલ તાઝા (૩% ફેટ)
★ અમૂલ છાશ તેમજ અમૂલ ઈકો છાશ ગુણકારી તત્ત્વોથી ભરપૂર
★ અમૂલ યુ.એચ.ટી.મિલ્ક (ટ્રેટા પેક- તાઝા/ગોલ્ડ) ફ્રીઝમાં રાખ્યા સિવાય પણ ઉપયાગમાં લઈ શકાય
★ અમૂલ પ્રોબાયોટિક છાશ અને પ્રોબાયોટિક લસ્સી પાચનમાં સુધારો કરે છે અને રોગપ્રતિકારક શક્તિ વધારે છે

સાબરડેરી ફોન : ૦૨૭૭૨-૨૨૬૦૫૧/૬૦
email : amul@sabardairy.coop
સાબરદાણ : ૨૨૬૦૬૧

શ્રી સુભાષચંદ્ર વી. પટેલ – મેનેજીંગ ડીરેક્ટર
શ્રી ઋતુરાજ ડી. પટેલ – વાઈસ ચેરમેન
શ્રી શામળભાઈ બી. પટેલ – ચેરમેન




❖ અમૂલ દૂધ
❖ અમૂલ છાશ
❖ અમૂલ પ્રોબાયોટિક છાશ
❖ અમૂલ પ્રોબાયોટિક લસ્સી
❖ અમૂલ મસ્તીદહીં
❖ અમૂલ શ્રીખંડ
❖ અવસર માવો
❖ અમૂલ સ્કીમ મિલ્ક પાવડર
❖ અમૂલ સ્પ્રે (ઈન્ફન્ટ મીલ્ક ફુડ)
❖ અમૂલ હોલ મિલ્ક પાવડર
❖ અમૂલ્યા પાવડર (ટી વ્હાઈટનર)
❖ અમૂલ કૂલ
❖ અમૂલ ઘી
❖ અમૂલ ફ્રેશ પનીર
❖ અમૂલ બટર

નૂતન વર્ષાભિનંદન



## નૂતનવર્ષની હાર્દિક શુભેચ્છા

**H P GAS**
SABAR GAS AGENCY




HP GAS your friendly gas

7, Star Building opp. Collector office, Ider Highway,
Himatnagar. S.K.Ph. (O).241810, 249501 (R)223601
Website : www.hindpetro.com



## નૂતન વર્ષાભિનંદન

ધી સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લિ., હિંમતનગર

શ્રી જેઠાભાઈ પ્રભુદાસ પટેલ – ચેરમેન
શ્રી રાજેન્દ્રકુમાર અમૃતભાઈ પટેલ – માનદ્ મંત્રી
શ્રી હસમુખભાઈ દયાળજીભાઈ પટેલ – વાઈસ ચેરમેન
ડૉ. આર.એસ.પટેલ – મેનેજર

વ્યવસ્થાપક કમિટિના સભ્યશ્રીઓ અને કર્મચારી પરિવાર
ફોન : (૦૨૭૭૨) ૨૪૧૪૭૦

-: શાખાઓ :-
મહાવીરનગર, ગાંભોઈ, ધનસુરા, ભિલોડા, માલપુર, ઈડર, મેઘરજ, સલાલ, મોડાસા, વડાલી અને તલોદ



## દિવાળી-નવા વર્ષની હાર્દિક શુભકામના

**સાબીરભાઈ મેમણ**

સરકાર માન્ય વ્યાજબી ભાવની દુકાન ના વિક્રેતા
હિંમતનગર હડીયોલ પુલ છાપરીયા

Happy Diwali and Happy New Year



## નૂતન વર્ષાભિનંદન

**નવા ગ્રુપ ગ્રામ પંચાયત**

શૈલેષકુમાર જે. પટેલ – તલાટી કમમંત્રીશ્રી
કાંતિભાઈ કોહરભાઈ પટેલ – સરપંચશ્રી
રણજીતસિંહ વજેસિંહ ઝાલા – ડે.સરપંચશ્રી

સભ્યશ્રી ઉષાબેન રોહિતભાઈ પટેલ
સભ્યશ્રી રક્ષાબેન કિશનસિંહ ઝાલા
સભ્યશ્રી ભાવનાબેન છગનભાઈ પરમાર
સભ્યશ્રી રણજીતસિંહ વજેસિંહ ઝાલા
સભ્યશ્રી પરષોત્તમદાસ કરસનભાઈ પટેલ
સભ્યશ્રી લલીતભાઈ પોપટભાઈ સુથાર
સભ્યશ્રી હિતેશકુમાર રઘજીભાઈ પટેલ
સભ્યશ્રી શર્મિષ્ઠાબેન અજયસિંહ રાઠોડ
દોલતસિંહ ચતુરસિંહ ઝાલા
વિજયસિંહ રામસિંહ ઝાલા
વાયરમેન
સભ્યશ્રી મંજુલાબેન વિક્રમસિંહ ચાવડા
સભ્યશ્રી રામદેવભાઈ નેમજીભાઈ મોદી
સભ્યશ્રી વિકણે સુરજીભાઈ ગામેતી
સભ્યશ્રી મહેન્દ્રભાઈ બહેચરભાઈ પટેલ
સભ્યશ્રી રીટાબેન રજનીકાંતભાઈ પંચાલ
સભ્યશ્રી દિપીકાબેન જસવંતકુમાર સોની
સેવક કરણસિંહ કનુસિંહ ઝાલા
કલાર્ક મનુસિંહ ચેહરસિંહ રાઠોડ
પ્રવીણભાઈ પોપટભાઈ પ્રજાપતિ
કોમ્પ્યુટર ઓપરેટર

સહિત સ્ટાફવતી નવા વર્ષના નૂતન વર્ષાભિનંદન
નવા તા.હિંમતનગર



## નૂતનવર્ષની હાર્દિક શુભેચ્છા

Committed to Growth

**Gujarat Ambuja Exports Limited**

[ BIO - CHEMICAL DIV.]
[ COTTON YARN DIV. ]

શુભ દીપાવલી

1, VRINDAVA ROAD, P.O.DALPUR - 383120.
Ta. Prantij Dist : Sabarkantha (Guj.)



